**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૧ ટકા

# સંસ્કૃતમાં પીએચડી કરનાર મુસ્લિમ યુવતિ સલમા કુરેશીનું પુરસ્કારથી અભિવાદન

### ગીતાના ૭૭ શ્લોક અને કુરાનની ૬,૬૧૬ આયાતો કંઠસ્થ છે એવા નિવૃત્ત અધિક સચિવ અને સુપ્રિમ કોર્ટના વકીલ કે.જી. વણઝારાએ સલમાને ૨૧ હજાર રોકડા પુરસ્કાર આપી બિરદાવી



ગાંધીનગર, તા.૯

ગુજરાત યુનિવર્સિટી ખાતેથી સંસ્કૃત વિષયમાં પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીની સલમા કુરેશીને પૂર્વ સમાજ કલ્યાણ વિભાગના અધિક સચિવ કે.જી. વણઝારા અને તેમના પત્નિ શંકુતલાબેન વણઝારા દ્વારા ગાંધીનગરના નિવાસસ્થાને માતા-પિતા સાથે મુલાકાત કરવા માટેનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા. ૯ ડિસેમ્બરના રોજ સલમા કુરેશી તેના પિતા કેશુભાઈ સાથે તેમના નિવાસસ્થાને મળવા આવી હતી. જયાં કે.જી. વણઝારા દ્વારા સલમાને ૨૧,૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર, ભેટ અને શાલ આપી તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્કૃતમાં પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરીને હાલમાં જ મુસ્લિમ યુવતી સલમા કુરેશીએ ધર્મની પ્રાથમિકતાનું બંધન તોડયું છે ત્યારે સલમાને સુપ્રિમ કોર્ટના વકીલ કે.જી. વણઝારા દ્વારા ગાંધીનગરના તેમના નિવાસસ્થાને આદર સાથે મુલાકાત માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. વણઝારા પરિવાર દ્વારા સલમાને ભેટ રૂપે ૨૧,૦૦૦ રૂપિયાનો ચેક આપી શાલ ઓઢાડવામાં આવી હતી. આ ઉપરાંત ભવિષ્યમાં કોઈ પણ મદદની જરૂર પડે તો તેઓ મદદ કરશે તેવું વચન આપવામાં આવ્યું હતું તથા સલમાને ભગવદ ગીતા અને પવિત્ર કુરાન સાથે તુલનાત્મક અધ્યયન કરવાનું સુચન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વણઝારા સાહેબ પણ ગીતાના ૭૦૦ સંસ્કૃત શ્લોક અને કુરાનની ૬,૬૧૬ આયાતનું અધ્યયન કરી ચુકયા છે અને તેઓના મતે આ બંને ધાર્મિક ગ્રંથો દ્વારા મળતો સંદેશો લગભગ સમાન છે.આ બાબતે વધુ વાત કરતા તેઓ જણાવે છે કે બંને ધાર્મિક ગ્રંથો તેમના કદમાં અલગ હશે પણ તેમાં રહેલા શબ્દોમાં કોઈતફાવત નથી. તેમણે આ સંદર્ભમાં સમગ્ર વિશ્વના વિદ્વાનોને કોઈ પણ સ્થળે ખુલ્લી ચર્ચા (ઓપન ડિસ્કશન) માટે પડકાર આપ્યો છે. તેમનું માનવું છેકે, હાલમાં હિન્દી રાષ્ટ્રભાષા નથી તે ફકત સત્તાવાર ભાષા છે એટલે સંસ્કૃતને હજી પણ રાષ્ટ્રીય ભાષા બનાવી શકાય છે અને તે ફરજીયાત બનાવવી જોઈએ.

# આજથી શહેરમાં ફાયર એનઓસી વિના ધમધમતા એકમો પર તંત્રની તવાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં હજુ પણ કેટલાક નાગરીકો બેજવાબદાર હોવાનું સામે આવ્યું છે. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ઓકટોબર મહિનાના અંતિમ તબક્કામાં ૭૦૯ એકમમાંથી માત્ર ૧૨૨ એકમો પાસે ફાયર એનઓસી હતી. ત્યારબાદ સફાળા જાગેલા કેટલાક એકમ માલિકોએ ફાયર એનઓસી લીધી હતી. ત્યારપછી આજની તારીખે પણ ગાંધીનગર પાલિકા વિસ્તારમાં ફાયર સેફટીના નિયમોનું ઉલ્લંઘન કરીને ૪૨૮ એકમો ધમધમે છે. ત્યારે ફાયર એનઓસી વિના કાર્યરત એકમોને ફાયર વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવી છે. ત્યારબાદ તા.૧૦ ડિસેમ્બર થી તંત્ર દ્વારા ફાયર એનઓસી વિના ચાલતા એકમોને સીલ મારી દેવામાં આવશે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર મનપા વિસ્તારમાં કુલ ૭૦૯ એકમમાંથી માત્ર ૨૮૧ પાસે જ ફાયર એનઓસી છે. જેમાં ૪૨૮ એકમ એનઓસી વિના કાર્યરત છે. અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં આગના બનાવ બાદ મનપા વિસ્તારમાં ફાયર સેફટી અંગે હાઈકોર્ટમાં થયેલી અરજીમાં રાજય સરકારે કોર્ટમાં એકશન ટેકન રીપોર્ટ રજુ કર્યો હતો. જેમાં ગાંધીનગર મનપા વિસ્તારમાં ૭૦૯ એકમમાંથી માત્ર ૧૨૨ પાસે એનઓસી હતી જયારે બાકીના એકમ એનઓસી વિના ચાલી રહ્યા છે. જેમાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલી ૩૧ ઈન્ડસ્ટ્રીઝમાંથી માત્ર છ પાસે ફાયર એનઓસી નથી. તો શહેરમાં કાર્યરત ૧૮ પેટ્રોલ-સીએનજી પંપમાં ૭ પંપ પાસે ફાયર એનઓસી નથી. ૨૨ બેંકમાંથી ૨૦ તેમજ ૩ રિસર્ચ સેન્ટરમાંથી ૧ તેમજ ૩૫ જીમ સ્પામાંથી ૨૮ એકમ પાસે ફાયર એનઓસી નથી. ગાંધીનગરમાં કુલ ૬૬ ખાનગી હોસ્પિટલમાંથી ૪૦ પાસે ફાયરની પરવાનગી નથી. જયારે મનપા વિસ્તારમાં સેકટર-૨,૭,૬,૨૨,સહિતના સેકટરના રહેણાંક વિસ્તારમાં મોટા પાયે દવાખાન ચાલી રહ્યા છે. જેને ફાયર એનઓસી મળી શકે તેમ જ નથી કારણે કે તે ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યા છે.જેને અનુલક્ષી મનપા તંત્ર દ્વારા આ પ્રકારના દવાખાના સામે શું કાયદેસરની કાર્યવાહી કરાવમાં આવે છે તે જોવું રહ્યું. મનપા વિસ્તારની ૧૨૦ હોટલ-રેસ્ટોરન્ટમાંથી માત્ર ૩૪ એનઓસી વિનાની છે. જયારે ૬ થીયેટરમાંથી ૩ અને પાંચ મોલમાંથી માત્ર એક પાસે જ ફાયર એનઓસી છે. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલી ૭૭ રેસીડેન્સિયલ બિલ્ડીંગમાંથી માત્ર ૧૪ પાસે એનઓસી છે, તેમજ ૬૩ ફાયર એનઓસી વિના કાર્યરત છે. તો બીજીતરફ ૫૮ વાણીજય કોમ્પ્લેક્ષમાંથી ૩૩ પાસે એનઓસી નથી. શહેરમાં માત્ર ખાનગી નહી કુલ ૩૮ સરકારી ઈમારતોમાંથી માત્ર ૭ બિલ્ડીંગનું એનઓસી ચાલી રહ્યું છે.બાકીની ૩૧ ઈમારતો એનઓસી વિના ચાલી રહી છે. ફાયર એનઓસીના નિયમ દરેક ખાનગી અને સરકારી એકમોને લાગુ પડે છે. પરંતુ તેમ છતા સરકારી એકમો ફાયર પરવાનગી વિના કાર્યરત છે. ત્યારે સરકારી કચેરીઓ પણ ફાયર એનઓસી લેવા માટે ઉદાસીન વલણ દાખવી રહ્યા છે. ત્યારે પાટનગરમાં ફાયરને લગતા નિયમો બને છે. તે પાટનગરમાં જ સરકારી અને ખાનગી એકમો ફાયર એનઓસી વિના પુરજોશમાં ધમધમાટ ચાલી રહ્યા છે. ત્યારે તા.૧૦ ડિસેમ્બર ગુરુવારના રોજ થી તંત્ર દ્વારા ફાયર એનઓસી ન હોય તેવા એકમો પર તંત્રની તવાઈ આવશે, કે તંત્ર કુણુ વલણ અપનાવશે તે જોવું રહ્યું.

# મૃતકના અગ્નિ સંસ્કાર બાદ, સિવિલમાંથી મૃતદેહ લઈ જવા માટે ફોન આવ્યો

### સિવિલ હોસ્પિટલનો વધુ એક છબરડો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં રોજ સમસ્યાઓ અને છબરડાઓ બહાર આવે છે. તંત્ર અને સ્ટાફના કોમ્યુનિકેશન ગેપને લીધે કેટલીક સમસ્યાઓ તે જાતે ઉભી કરતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં પણ બુધવારના રોજ અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના એક મહિલા છેલ્લા અઠવાડીયાથી કોરાના પોઝીટીવ હોવાથી સારવાર હેઠળ હતા. ત્યારે ગતરોજ તેમનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. ત્યારે તેમના પતિનો હોસ્પિટલમાંથી જાણ કરવામાં આવી હતી અને બુધવારના રોજ સવારે મૃતદેહ અગ્નિસંસ્કાર માટે પણ લઈ જવાયો હતો. જેમાં મહિલાના પરિવારના ગણતરીના સભ્યો હાજર હતા. મૃતક મહિલાના પતિ અંતિમધામથી પરત ઘરે આવે છે અને થોડા સમય પછી પરત હોસ્પિટલમાંથી ફોન આવે છે કે તમારા પત્નીનો મૃતદેહ લઈ જાવ. પરંતુ મૃતક મહિલાના પતિ દ્વારા જણાવવામાં આવે છે કે ભાઈ અમે તો મૃતદેહ લઈ ગયા અને અંતિમવિધી પણ પુરી કરી દીધી. જેને પગલે હોસ્પિટલમાંથી ફોન કરેલા વ્યકિતએ ફોન કટ કરી દે છે. ત્યારે આ પ્રકારની સમસ્યા જોતા સિવિલમાં કોરોનાને લગતુ નવુ માળખુ તૈયાર કરવામાં આવે તેમ લાગી રહ્યું છે.

## ઘ-૩ પેટ્રોલ પંપના કાફેમાં તોડફોડ કરી કંપનીના કર્મચારીઓ સામાન ઉઠાવી ગયા હોવાનો સંચાલકનો આક્ષેપ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના હાર્દ સમા ઘ-૩ વિસ્તારમાં આવેલા એચપી કંપનીના પેટ્રોલપંપ સ્થિત કેફેમાં તોડફોડ કરીને કંપનીના અધિકારીઓ સામાન ઉઠાવી ગયા ના દાવા સાથે કેફે સંચાલકે એસપી કચેરી ખાતે અરજી કરી છે. મળતી માહિતી મુજબ સરગાસણ ખાતે રહેતા અતુલ હરીશ પાઉ પેટ્રોલપંપ ખાતે કેફે ચલાવે છે. યુવકના દાવા પ્રમાણે કેફે માટે જગ્યા ભાડે લીધી તે સમયે થયેલા કરાર મુજબ પાણીની સુવિધાની વાત થઈ હતી. પરંતુ પાણીની વ્યવસ્થા ન થતા યુવકે અમદાવાદ સ્થિત કચેરીનો સંપર્ક કર્યો હતો. કચેરીના સંપર્ક બાદ યુવકને તાત્કાલીક બોર બનાવી દેવાની હૈયાધારણા આપવામાં આવી હતી. જો કે લાંબા સમય સુધી પાણીની વ્યવસ્થા ન થતા યુવકે આર્થિક નુકશાન અને શારીરીક-માનસિક ત્રાસ માટે યુવકે એડવોકેટ મારફતે નોટીસ ફટકારી હતી. આમ છતા કોઈ ઉકેલ ન આવતા યુવકે ગાંધીનગર કોર્ટમાં કંપની સામે કેસ કર્યો હતો. જે કેસમાં હાલમાં કાર્યરત છે. ત્યારે ૧૨ નવેમ્બરના રોજ કેફેનું તાળુ તોડી સામાન ઉઠાવી ગયા હોવાનો દાવા સાથે યુવકે એસપી કચેરી ખાતે અરજી કરી છે. યુવકના આક્ષેપ મુજબ એચપીસીએલના અધિકારીઓ સામાન કાઢીને તેમની ઓફિસ લઈ ગયા હતા. જેમાં કેટલીક ચીજવસ્તુ બેંક લોનથી વસાવેલી છે. બનાવ અંગે યુવકે પેટ્રોલ પંપના સીસીટીવી ફુટેજ ખરાઈ માટે આસપાસના ફુટેજ પણ ચેક કરવા માટે માંગ કરી છે. બનાવ અંગે પોલીસ મથકે જાણ થતા પોલીસે તાત્કાલીક ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘરની બહાર કોરોના પોઝિટીવનું બોર્ડ લગાડવા સામે સુપ્રિમના મનાઈ હુકમથી દર્દીઓના પરિવારજનોને રાહત

ગાંધીનગર, તા.૯

અંતે સુપ્રિમ કોર્ટ દ્વારા કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરની બહાર કોવિડ-૧૯નું ચેતવણી સૂચક સ્ટીકર લગાડવા સામે મનાઈ હુકમ આપવામાં આવતા હાલ સારવાર મેળવી રહેલા દર્દીઓ તથા તેમના પરિવારજનો રાહતની લાગણી અનુભવી રહ્યા છે. અત્યાર સુધી જે વ્યકિતનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવે તેના ઘરે આરોગ્ય વિભાગ દ્વારા લાલ રંગનું ચેતવણી સૂચક બોર્ડ તેના ઘરના દરવાજે લગાડી દેવામાં આવતું હતું જેમાં અન્ય વ્યકિતઓ માટે 'ડુ નોટ વિઝિટ'ની ચેતવણી પણ લખેલી રહેતી હતી અને આ સ્ટીકરના કારણે દર્દી ભલે ઘરમાં સારવાર લઈ રહ્યો હોય કે હોસ્પિટલમાં પરંતુ તેના પરિવારજનોને અડોશ-પડોશ, સોસાયટી સમાજમાં અછૂત જેવા વર્તનનો ભોગ બનવું પડી રહ્યું હતું જેમાંથી હવે રાહત મળશે.

કોરોના એક ચેપી વાયરસ છે જે સ્પર્શથી ફેલાય છે તેમજ આ વાયરસ વિવિધ સપાટી પર પણ અમુક સમય સુધી અસ્તિત્વ ધરાવતો હોવાથી તેના સંપર્કમાં આવતી વ્યકિતને પણ સંક્રમણ લાગવાની શકયતા રહે છે. આ બાબતને અનુલક્ષીને કોરોના સંક્રમણની ચેઈન તોડવાના આશયથી અને સંક્રમીત વ્યકિતના ઘરથી અન્ય વ્યકિતઓને દૂર રાખી વધુ સંક્રમણ ના ફેલાય તે માટે દર્દીના નામ સહિતની વિગતો સાથે લાલ રંગનું ચેતવણી સૂચક બોર્ડ લગાડી દેવામાં આવતું હતું. જો કે આ બોર્ડને કારણે એવું બનતું હતું દર્દી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો હોય અને તેના પરિવારજનો કોરોના નેગેટીવ હોય તેમ છતાં તેમને અડોશ-પડોશ કે સોસાયટી, મહોલ્લામાં ડરનો માહોલ સર્જાતો હતો અને ઘણા કિસ્સામાં તો દર્દીના પરિવારજનોને રોજીંદી સેવાઓ જેવી કે દૂધ-શાકભાજી વગેરેની ડિલીવરી મેળવવામાં, સ્વચ્છતા કર્મીને કચરો આપવામાં, અખબાર મેળવવામાં કે અન્ય સેવા કે ચીજવસ્તુઓ મેળવવા ઉપરાંત કોઈ કામકાજ માટે ઘરની બહાર આવવા જવામાં મુશ્કેલી નડતી હતી અને આસપાસના રહીશોની ઉપેક્ષા કે અયોગ્ય વર્તનનો સામનો કરવો પડતો હતો. હવે સુપ્રિમ કોર્ટ દ્વારા આ બોર્ડ લગાડવાનો મનાઈ હુકમ આપી દેતા હાલ સારવાર લઈ રહેલા દર્દીઓ તથા તેમના પરિવારજનો જેમાં ખાસ કરીને હોમ આઈસોલેશનના દર્દીઓના પરિવારજનોને રાહત મળવા પામી છે.

## વાવોલ ખાતેથી દિવ્યાંગ જણાતું બાળક બિનવારસી હાલતમાં મળી આવ્યું

### પોલીસે બાળકને સે-૧૭ના બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી વાલીવારસ અંગે તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના વાવોલમાં પાંડવ ફાર્મ પાસેથી આજે એક બાળક બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું જે અંગે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પીસીઆરવાનના સ્ટાફે સ્થળ પર જઈ બાળકને પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. આ બાળક પ્રાથમિક દષ્ટિએ દિવ્યાંગ જણાતું હતું અને તે કાંઈ પણ બોલી કે સમજી શકતું નથી તેને હાલ તો પોલીસે સેકટર-૧૭ ખાતેના સરકારી બાળ સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપી તેના વાલી-વારસની અંગે તપાસ હાથ ધરી છે.



આ બાળક અંગે શહેરના સોશ્યલ મિડીયામાં પણ સમાચાર વહેતા થવા પામ્યા હતા. આશરે ૭ વર્ષની વયના આ બાળકે અડધી બાંયની લાલ કલરની ટીશર્ટ અને વાદળી રંગનું બાબાશુટ પહેરેલું છે તેમજ તેના જમણા પગના ઘુંટણના ભાગે ઈજા થયેલી છે. બાળક કાંઈ બોલી-સમજી શકતું નથી જેના કારણે તેની ઓળખ કરવી કે તેના પરિવારજનો અંગે માહિતી મેળવવી મુશ્કેલ બની છે. સોશ્યલ મિડીયા પર કેટલાંક ગૃપમાં બાળકની ઓળખ માટે બાયોમેટ્રીક પ્રોસેસનો આધાર લેવો જોઈએ તેવો મત પ્રર્વતતો જોવા મળ્યો હતો. હાલ તો પોલીસ દ્વારા આ બાળકને સરકારી બાળગૃહ ખાતે રક્ષિત કરીને તેના વાલી-વારસને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે જેન ભાગરૂપે સોશ્યલ મિડીયાનો પણ સહારો લેવામાં આવી રહ્યો છે.

# શિક્ષકોની વધઘટના કિસ્સામાં શિક્ષકની બદલી કરવા સામે હાઈકોર્ટનો સ્ટે

ગાંધીનગર, તા.૯

અત્રે પ્રાથમિક શિક્ષકોની વધઘટના બદલીના કેમ્પ યોજાઈ રહ્યા છે જે અંતર્ગત મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના શિક્ષિકા વીણાબેન અમૃતલાલ પટેલ દ્વારા શાળામાં વિદ્યાર્થી-શિક્ષકનો તા. ૩૧મી ઓગસ્ટ ૨૦૨૦નો જે રેશિયો નક્કી થયેલો છે તેનાથી વિપરીત હોવા સાથે શાળાની જોગવાઈ વિરૂધ્ધનું આયોજન હોઈ તેમજ અરજદારને સરપ્લસ જાહેર કરવાનું કૃત્ય અને તેને આધારે બીજા તાલુકામાં તેની બદલી કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરબંધારણીય તેમજ આપખુદી સ્વરૂપનું હોવાથી તે રદ થવા પાત્ર છે તેથી ભારતના આર્ટીકલ-૨૨૬ની જોગવાઈ હેઠળ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી છે જેના પગલે હાઈકોર્ટ દ્વારા અરજદારના પોસ્ટીંગ અંગેના હુકમ કરવા સામે સ્ટે આપવામાં આવ્યો છે.

શિક્ષિકા વીણાબેન પટેલની પીટીશન અનુસાર તેમને તા. ૪થી ડિસેમ્બરે પ્રાથમિક શિક્ષણ નિયામક તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા શિક્ષકોની વધઘટના ભૌતિક બદલી કેમ્પમાં હાજર રહેવા જણાવ્યું હતું તેમજ તેમને સરપ્લસ જાહેર કરવામાં આવ્યા હતા. જેની સામે અરજદારે સરકારના તા. ૨૬મી ઓકટોબર ૨૦૨૦ના ઠરાવ અન્વયે મંજૂર થયેલ સેટઅપને ખલેલ પહોંચે તે રીતે યોજવામાં આવેલ હોવાનું જણાવી હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. જેમાં અરજદાર વતી એડવોકેટ વીધિ જયંત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. અરજદારે પીટીશનમાં અરજદારને વધઘટ જાહેર કરવાનું કૃત્ય સરકારના સબકલોઝ-૪ અને સબકલોઝ-૫ તથા તા. ૨૩મી મે ૨૦૧૨ના સુધારેલા ઠરાવની જોગવાઈઓથી વિરૂદ્ધનું અને વિપરીત છે કારણ કે નિમ્ન પ્રાથમિક શિક્ષકો જેઓ વર્ગ-૬ થી ૮ના વર્ગ લેવા માટે ચલાવવા કવોલીફાઈડ નથી તેમ છતાં આ પ્રકારના વર્ગો તેમના દ્વારા ચલાવવામાં આવે છે ત્યારે ધો-૧ થી ૮નું સમગ્ર સેટઅપ ધ્યાનમાં લેવાવું જોઈએ અને સૌથી જુનિયર શિક્ષકને વધારાના ફાજલ શિક્ષક જાહેર કરવા જોઈએ. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બી.ડી. કારીયા દ્વારા સત્તાધીશોને કારણદર્શક નોટીસ આપી અરજદાર શિક્ષિકાને કેમ્પમાં હાજર રહે પરંતુ તેના પોસ્ટીંગ અંગે હુકમો કરવા સ્ટે આપવામાં આવ્યો છે અને કેસની વધુ સુનાવણી તા. ૧૪મી ડિસેમ્બરે નક્કી કરવામાં આવી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.ભૂપેન્દ્ર જેઠાલાલ સલોત, ઉ.વ. ૬૭, સે-૭, ગાંધીનગર
- સ્વ. રજનીકાન્ત ભોગીલાલ શાહ, ઉ.વ. ૮૭, મણીનગર, અમદાવાદ
- સ્વ. શારદાબેન રતિલાલ પટેલ, ઉ.વ. ૮૩, સેકટર-૩ ન્યુ, ગાંધીનગર
- સ્વ. દામોદરભાઈ નાથુરામ મિસ્રી, ઉ.વ. ૬૭, સોલૈયા, તા. માણસા
- સ્વ. પાર્વતીબેન નરસિંહભાઈ પરમાર, ઉ.વ. ૭૫, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. વસંતલાલ ચુનીરામ શાહ, ઉ.વ. ૭૭, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર સોનીબેન ડાહ્યાજી, ઉ.વ. ૯૪, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. વિક્રમભાઈ ફતાભાઈ નાયી, ઉ.વ. ૬૯, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. ડાભી સદાબેન રામસિંહ, ઉ.વ. ૭૨, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. જુજારસિંહ હિંમતસિંહ રાઠોડ, ઉ.વ. ૬૮, સેકટર-૧૩, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ.શકુંતલાબેન કાલીદાસ પટેલ, ઉ.વ. ૭૬, પાર્વતીનગર, તા. માણસા
- સ્વ. ધ્રુવ સુધાબેન જયસુખલાલ, ઉવ. ૮૦, સે-૧૩, ગાંધીનગર
- સ્વ. બારડોલા શારદાબેન કડપ્પા, ઉ.વ. ૯૦, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. શાન્તાબેન ફકીરજી ખાંટ, ઉ.વ. ૪૫, શાહપુર, તા. ગાંધીનગર
- સ્વ. અમીન નટવરભાઈ પરસોત્તમદાસ, ઉ.વ. ૯૦, પ્રહલાદનગર, અમદાવાદ
- સ્વ. પદમાબેન નટવરલાલ દવે, ઉ.વ. ૮૧, નવા કોબા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ વલ્લભભાઈ મગનભાઈ, ઉ.વ. ૬૮, સે-૩, ગાંધીનગર
- સ્વ. ઠક્કર કાન્તીલાલ એ. ઉ.વ. ૬૩, ઓઢવ, અમદાવાદ
- સ્વ. લલીતચંદ્ર જમનાદાસ વોરા, ઉ.વ. ૮૦, સે-૭, ગાંધીનગર

# લગ્ન સમારંભોમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનને 'ટ્રેન્ડ' બનાવતા શહેરીજનો

### હવે લગ્ન કરતા વરઘોડીયાથી માંડીને યજમાન-મહેમાન પણ માસ્ક પહેરતાં ખચકાતાં નથી : સોશિયલ મિડીયા પર માસ્ક સાથેના ફોટા-સેલ્ફી અપલોડ કરવાનો ટ્રેન્ડ : સોશ્યલ ડિસ્ટન્સની જાળવણી અને સેનેટાઈઝરનો ઉપયોગ પણ લગ્ન સમારંભોમાં વધ્યો

ગાંધીનગર, તા.૯

કોરોના વાયરસથી હવે જનજીવન ટેવાઈ રહ્યુ છે તેનો તાજો પુરાવો અત્યારે ચાલી રહેલા લગ્ન સમારંભોમાં જોવા મળી રહ્યો છે. શહેરમાં અત્યારે ખૂબ મોટી સંખ્યામાં લગ્ન સમારંભો આયોજિત થયેલા જોવા મળી રહ્યા છે જેમાં કેટલાક જાગૃત આયોજકો દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ગંભીરતાપૂર્વક પાલન કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત વરરાજા-નવવધુ પણ માસ્ક પહેરીને લગ્ન કરવા બેઠાં હોય તથા મહેમાનો સોશિયલ ડિસ્ટન્સ રાખીને પ્રસંગે હાજરી આપી રહ્યા હોય તેવા દશ્યો પણ જોવા મળી રહ્યા છે. મંડપમાં બેઠેલા મહેમાનો પર સેનેટાઈઝરના ફુવારાનો છંટકાવ કરાતો હોય તેવા



વિડિયો પણ સોશ્યલ મિડીયા પર જોવા મળી રહ્યા છે.

કોરોના વાયરસને કારણે હવે કોઈ શહેરીજનો પોતાના જનજીવનને વધુ ડિસ્ટર્બ કરવા માંગતા નથી અને ભલે માસ્ક પહેરવો પડે કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો પડે તો કરી લેવાનો પરંતુ લગ્ન સમારંભ કે અન્ય કોઈ પ્રસંગ હવે મુલત્વી રાખવા કે પાછળ ઠેલવાં કોઈને પોસાય તેમ નથી. આજ કારણે શહેરમાં મોટી સંખ્યામાં યોજાઈ રહેલા લગ્ન સમારંભોમાં જયારે તમે હાજરી આપવા જાઓ ત્યારે પ્રવેશદ્વારે હવે પુષ્પવર્ષા કરતી સેવિકાઓ સાથે સેનેટાઈઝરથી હાથ સાફ કરાવતી પણ અચૂક ઉભી હોય છે વળી, તમે મંડપમાં બેસો ત્યારે હાજર મોટાભાગની વ્યકિતઓ માસ્ક પહેરીને જ બેઠી હોય પછી ભલે તે કપડાંને મેચીંગમાં બનાવડાવેલો માસ્ક હોય કે ડિઝાઈનર માસ્ક હોય, આ સાથે સાવ અંગત સિવાયના મહેમાનો એકબીજાથી અંતર રાખીને બેસવાનું પસંદ કરી રહ્યા છે તથા હવે ઓછા જાણીતા હોય તેવા મહેમાનો સાથે ટાઈમપાસ માટે વાતચીત કરીને ઓળખાણ કેળવવાનું પણ ટાળી રહ્યા છે. શરૂ શરૂમાં લગ્ન સમારંભમાં ફોટો પડાવવા કે વિડીયો શુટીંગને ધ્યાનમાં રાખીને માસ્ક પહેરવાનું ટાળનારા હવે વધેલા સંક્રમણથી સાવચેત થઈને માસ્ક સાથે જ ફોટો પડાવતા ખચકાતા નથી એટલું જ નહીં હવે તો સોશ્યલ મિડીયા પર પણ માસ્ક સાથેના પ્રસંગના ફોટોઝ અપલોડ કરતા નાગરિકોની સંખ્યા વધી જવા પામી છે. આમ કોરોનાએ સામાજિક પ્રસંગો પર અસર જરૂર કરી છે પરંતુ હવે તે કોઈ પ્રસંગો અટકાવવા સક્ષમ રહ્યો નથી.

## જો કે હજુ અનેક લગ્ન સમારંભોમાં બેદરકારીની સ્થિતિ

શહેરમાં મોટી સંખ્યામાં યોજાયેલા લગ્ન સમારંભોમાં બે પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. જેમાં કેટલાક લગ્ન સમારંભોમાં માસ્ક-સોશ્યલ ડિસ્ટન્સના એવી રીતે ધજાગરા ઉડતા જણાય કે જાણે કોરોના મહામારી નામની કોઈ સ્થિતિ વિશ્વમાં પેદા થઈ જ નથી અથવા તો કોરોના વાયરસનો કોઈને લેશમાત્ર ભય નથી જયારે અનેક લગ્ન સમારંભ હવે એવા પણ જોવા મળી રહ્યા છે જેમાં યજમાનથી માંડીને મહેમાન સહિત દુલ્હા દુલ્હન પણ માસ્ક પહેરીને લગ્ન કરવા બેઠા હોય છે, જયાં મહેમાનો સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે છે તેમજ યજમાન દ્વારા તેમના માટે સેનેટાઈઝર અને માસ્કની વ્યવસ્થા પણ પુરતા પ્રમાણમાં કરી હોય છે. આ પ્રકારના લગ્ન સમારંભોમાં વરઘોડિયા યજમાન-મહેમાનનું જવાબદારી પૂર્વકનું વર્તન અન્યો માટે પ્રેરણા સમાન બની રહે છે.